


## સલામી સવારની..

પોપચે ભાર નિંદ્રાનો ભણતરનો ભાર લાગ્યો,
દુબળું શરીર, કાંધે - દફતરનો ભાર લાગ્યો
જણતરનો ભાર, વાલી ને 'ફી' - ચિંતા, બાળ ભાવિની
મૂલ્યો હીન શિક્ષણમાં ભણતરનો ભાર લાગ્યો!

હાઈકુ

કબૂતરોનું
ઘૂ-ઘૂ ઘૂંટે શાળાઓ
દાબે અવાજ!

ટ્રમ્પની સામે,
પડ્યું પર્યાવરણ -
દઝાડે 'સર્વે'

### ચિંતન

*શાસ્ત્રણ્યધીત્યાપિ ભવન્તિ મૂર્ખા, યસ્તુ ક્રિયાવાન્યુપુષઃ સ વિદ્વાન ।*
*સુચિન્તિતં ચૌષધમાતુરાણાં ન નામમાત્રેણ કરોત્યરોગમ્ ॥*

ઉપરોક્ત શ્લોક વિદુરનીતિમાંથી લેવામાં આવેલ છે.

શાસ્ત્રો ભણવા છતાં પણ માણસો મૂર્ખ રહે છે, સારો વિદ્વાન તો તે છે જે વિચાર ને આચારમાં મૂકે છે,

ઔષદ ના નામનું જ સારી રીતે ચિંતન કરવાથી તે રોગીઓના રોગને હરી લેતું નથી.

ડીગ્રી - માત્ર ગ્રંથોનો અભઅયાસ અને યાદશક્તિની કસરત - કસોટી છે એનાથી સાચી વિદ્વતા પ્રાપ્ત થતી નથી પોપટનું 'રામ' બોલવું જેમ ભક્તિ નથી તેમ આચાર અને આચરણ વિનાનું જ્ઞાન વિદ્વતા બનતી નથી.

જ્ઞાનનો વ્યવહારમાં સક્રિય - હકારાત્મક ઉપયોગ એ જ વિદ્વતા છે.

### સુવિચાર

- શું 'જતું' કરવું અને શું 'જાતે' કરવું, એટલું સમજાઈ જાય તો સ્વર્ગ અહીં જ છે - **અનામી**
- ધરતીમાં વાવેલ બીજની સાથે પાણીની સીંચવા જેવો સંબંધ ધર્મનો નૈતિકતા સાથે છે, નૈતિકતા વગરનો સાચો ધર્મ પાંગળો છે - **જ્ઞાનામૃત**
- સંતોષી માનવી ધનવાન છે, પછી ભલે તે ભૂખઅયો કે વસ્ત્રહીન હોય, પરંતુ તૃષ્ણાવાળો માનવી ભીખારી છે, પછી ભલે તે આખી દુનિયાનો માલિક હોય - **સેંટ પોલ**
- સંસારરૂપી કટુ વૃક્ષનાં અમૃત સમાન બે ફળ છે : એક તો પ્રિય વચન અને બીજું સજ્જનોની સોબત - **ચાણક્ય**
- તને લાગે વળગે નહિ તેવી બાબતમાં બોલ નહીં, નહીં તો તારો ન ગમે તેવું સાંભળવું પડશે - **અરેબિયન કહેવત**
- બીજાના પરસેવાનો રોટલો પડાવી લેવા માણસ ઈશ્વરની સહાય શોધે એના જેવું બીજું શું ક્રૂર હોઈ શકે? - **લિંકન**
- આજનું ઔષધ : સૂંઠ, જીરું અને સિંધવ ન ચૂર્ણ દહિનાં મઠામાં મેળવી બે ચમચી જમ્યા પછી ખાવાથી હરસ-મસા મટે છે. **(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

શેઠે બાજુના ગામમાંથી સુથારને લાકડા કામ કરવા બોલાવ્યો. સુથાર નો કામનો એ દિવસ ખરેખર ખરાબ ગયો હતો. સુથાર ને આવતા સાયકલમાં પંચર પડ્યું હતું, એની કરવત તૂટી ગઈ, ફરસી વાગતા આંગળામાંથી પણ લોહી નીકળ્યું. શેઠને થયું લાવ આજે સુથાર ખૂબ હેરાન થયો છે તો એને હું મારી ગાડીમાં મૂકવા જઉં...

ઘરમાં દાખલ થતાં પહેલાં સુથાર ઘરની બહાર એક વૃક્ષ પાસે રોકાયો. પોતાના બેવ હાથે વૃક્ષના થડને સ્પર્શ કર્યા પછી ઘરમાં પ્રવેશ કર્યો. એ સુથાર ના ચહેરા પર શેઠે ગજબનો ફેરફાર જોયો. થાકેલા ચહેરા પર સ્મિત આવ્યું. પોતાના બાળકો ને વ્હાલથી ગળે લગાડ્યા. પત્ની સાથે સ્નેહપૂર્વક હસીને વાતો કરી.

શેઠે સુથારને પૂછ્યું 'ઘરમાં પ્રવેશ કરતાં પહેલાં વૃક્ષને ધડ સ્પર્શીને શું કર્યું?' સુથારે કહ્યું, 'આ વૃક્ષ તો મારી મુશ્કેલીઓને ટીંડાવાની ખીટી છે... હું કામે જોઉં ત્યારે કોઈને કોઈ મુશ્કેલીઓ તો આવવાની પણ તેની સાથે મારી પત્ની, બાળકો કે પરિવારને શું લેવાદેવા ? એટલે જયારે સાંજે કામ પરથી પાછો આવું ત્યારે આ વૃક્ષ પર દિવસભરની મુશ્કેલીઓ લટકાવીને ઘરમાં પ્રવેશ કરું છું. અને હળવાશથી સાંજ પરિવાર સાથે વિતાવું છું.'

# જગતનો તાત ધૂંધવાયો છે ત્યારે...

'સૌનો સાથ, સૌનો વિકાસ'ના રળિયામણા સૂત્ર સાથે દેશ અને દુનિયાને ઘેલું લગાડનાર મોદી સરકાર તાતા-બિરલા-અંબાણી કે અદાણીથી લઈ ઝીરો બેલેન્સ ધરાવતા ગરીબ પરિવારોનાં હિતો સાચવી શકી હશે પરંતુ કણના મણ કરી આપનારા જગતના તાતને સાચવવામાં નિષ્ફળ રહી છે એના એકથી એક ચડિયાતાં પ્રમાણ મળતા જાય છે. ખેતીનો વ્યવસાય પોષણક્ષમ રહ્યો જ નથી, એ હકીકત કયારેક ચૂંટાયેલી સરકારોએ સ્વીકારી છે ખરી? કિસાનોની આત્મહત્યાનો મુદ્દો લોકસભાથી લઈ વિધાનસભાની ચૂંટણીઓમાં અને સંસદ કે વિધાનસભાગૃહથી લઈ શેરીઓ સુધી ચર્ચાતો રહ્યો છે. ખેડૂતો એમના પ્રશ્નોની નારાજગી અંતે વિઘાતક અને વિસ્ફોટક રુપ ધારણ કરે છે. બનાસકાંઠાના બટાકા પકવતા ખેડૂતો ડીસાના હાઈવે પર બટાકાના ઢગ ખડકી દે છે, બજારના રસ્તા કોહવાઈ ગયેલ બટાકાથી ગંધાઈ ઊઠે છે. મહારાષ્ટ્રના ખેડૂતો દૂધનાં કેન જાહેર રસ્તાઓ પર ઠાલવીને એમનો રોષ પ્રગટ કરે છે તો વળી મધ્યપ્રદેશ જેવી દેશની હૃદયભૂમિમાં ખેડૂતો એ હદે ગુસ્સે ભરાય છે કે આવતી જતી બસો પર પથ્થરમારો કરે છે. બસોને અને સરકારી વાહનોને આગ ચાંપી ખુલ્લી છાતી પર પોલીસની ગોળીઓ ઝીલવા તૈયાર થઈ જાય છે. ગુજરાત તો આ બધાની સરખામણીમાં શાંત પ્રદેશ ગણાય, છતાં અહીં ભારતીય જનતા પાર્ટીને સત્તા સ્થાને પહોંચાડવા માટે દિવસરાત ઘરના રોટલા ખાઈને મથનારા ભારતીય કિસાન સંઘના આગેવાનોને નાછૂટકે સરકાર સામે બાંયો ચડાવવી પડે છે. ખેડૂતોનાં દેવાં માફ કરવાના મુદ્દે મહારાષ્ટ્ર સરકાર મોઘમ આશ્વાસન આપવા જેટલું ય સૌજન્ય દાખવે છે, એથી તદન ઊલટું ગુજરાત સરકારના કૃષિમંત્રી ગુજરાતના ખેડૂતો સમૃદ્ધ હોઈ એમનાં દેવા માફ કરવાની જરૂર જ નહીં હોવાનું ઉશ્કેરણીજનક નિવેદન આપે છે! મધ્યપ્રદેશના મંદસૌર ખાતે આંદોલનકારીઓ પર રીતસરનું ફાયરીંગ કરાયું અને પાંચ પાટીદાર ખેડૂતો સહિત છ ખેડૂતોએ જીવ ગુમાવવો પડ્યો તે શિવરાજસિંહ ચૌહાણની કહેવાતી લોકપ્રિય સરકારના કપાળ પરથી કયારેય ન ભૂંસાઈ શકે એવી કાળી ટીલી છે. સરકારે સામસામ ખેડૂતોએ જ એકમેક ગોળીબાર કર્યો હોવાની વાહિયાત રજૂઆત કર્યા પછી ખુદ પોલીસે કબુલ કર્યું છે કે મૃતકોનાં મોત પોલીસના ગોળીબારથી થયાં હતાં. મંદસૌરના કલેકટરને ધધડાવી નાખી એમનાં કપડાં ફાડનારા ખેડૂતોઓ એમને જીવતા જવા દીધા તે એમની ખાનદાની છે. દેશમાં સૌથી વધુ ખેલીલાયક જમીન ધરાવતા મધ્યપ્રદેશનો ખેડૂત ભૂતકાળમાં કયારેય આટલી હદે બેબાકળો નહોતો બન્યો. મૂંઝાઈ ગયેલી શિવરાજ સરકારે મૃતક દીઠ એક એક કરોડ જેટલું વળતર ચૂકવવાની ઓફર કરી ત્યારે ખેડૂતેઓ અમારો માણસ પાછો આપો તો અમે તમને સામેથી બે કરોડ ચૂકવવા તૈયાર છીએ એવો પ્રતિસાદ પાઠવ્યો છે. ભારતીય જનતા પાર્ટી ખેડૂતોને ઉશ્કેરવા પાછળ કોંગ્રેસનો હાથ હોવાનો આક્ષેપ કરી રહ્યા છે, તો સામે પક્ષે વિપક્ષો પરિસ્થિતિનો રાજકીય લાભ ખાટવા તલપાપડ થઈ રહ્યા છે. શિવરાજસિંહનું રાજીનામું માંગવામાં આવી રહ્યું છે. ખરી વાત તો એ છે કે આ ખેતીપ્રધાન દેશમાં ચરણસિંહના અપવાદ સિવાય કયારેક કોઈ ખેડૂત આગેવાનના હાથમાં દેશની સત્તા આવી નથી. જેમને ખેતી કે ખેતર જોયાં જ નથી એવા હવાઈ નેતાઓ પાસે ખેડૂતો ન્યાયની અપેક્ષા રાખે તો પણ એ મળશે ખરો? બલકે અદાલતો પણ ખેડૂતોના પ્રશ્ને કયારેય ગંભીરતાપૂર્વક વિચારશે ખરી ?

*તંત્રીસ્થાનેથી...*

# માત્ર વિશેષણોમાં વહેતો કથાપ્રવાહ

શ્રીરામની એક સ્તુતિ છે - 'શ્રીરામ સંકીર્તન' અનેક રીતે આ સ્તુતિ મહત્ત્વની છે. સરસ કાવ્ય છે.

ભારતીય પરંપરામાં સંખ્યા ૧૦૮નું મહત્ત્વ છે. જેમ કે ઉપનિષદોની સંખ્યા ૧૦૮. માળાના મણકા ૧૦૮, અહીં રામનું ૧૦૮ વાર સંકીર્તન છે. દરેક વખતે એમનું એક વિશેષણ એની સાથે હોય છે. જેમ કે 'કૌશલ્યાસુખ વર્ધક રાજા' આ વિશેષણો અલગ અલગ છે. આદિથી અંત સુધી આ વિશેષણોમાં ક્રમશ : સમગ્ર રામકથા આવી જાય છે. માત્ર વિશેષણોમાં વહેતો સમગ્ર રામાયણનો કથાપ્રવાહ કાવ્યાત્મક અને સુગેય છે.



અહીં કેટલાક ઉદાહરણો પ્રસ્તુત છે :

(૧) બાલકાંડ : શ્રીરામ દશરથને આનંદ આપનારા, કૌશલ્યાના સુખને વધારનારા, વિશ્વામિત્રની પ્રિય સંપત્તિ જેવા, તાટકાનો વધ કરનારા, વિશ્વામિત્રના યજ્ઞનું રક્ષણ કરનારા, અહલ્યાનો ઉદ્ધાર કરનારા, ગૌતમ મુનિની પૂજા પામતા, મિથિલાના નગરજનોને આકર્ષી લેતા, જનકને આનંદ આપનારા, શિવધનુષને તોડનારા, સીતાએ જેને વરમાળા આપી છે એવા, જેમના વિવાહ થયા એવા, શોભાવાળી અયોધ્યાનગરી ને પાળનારા.

(૨) અયોધ્યાકાંડ - પિતાના વચનો પ્રમાણે વનમાં જનારા, નાવિકે જેનાં ચરણો ધોયા છે એવા, ભરદ્વાજ મુનિને આનંદ આપનારા, ચિત્રકૂટમાં નિવાસ કરનારા, દશરથને કારણે ચિંતા કરનારા, પોતાના પિતાનું કર્મ કરનારા, ભરતને પોતાની પાદુકા આપનારા.

(૩) અરણ્યકાંડ - દંડકના વનને અને જનને પવિત્ર કરનારા, દુષ્ટથી થતા વિઘ્નને દૂર કરનારા, અગસ્ત્યની કૃપાને પ્રાપ્ત કરનારા, પંચવટીમાં સ્થિર થયેલા, શૂર્પણખાને વેદના આપનારા, સીતાના પ્રિય, હરણને અનુસરતા, ખોવાયેલી સીતાને શોધનારા, ગીધરાજને મળનારા, કબન્ધના હાથને છેદનારા.

(૪) કિષ્કિન્ધા કાંડ - હનુમાને જેના ચરણો સેવ્યાં એવા, પ્રણામ કરતા સુગ્રીવનું પ્રિય કરનારા, અભિમાની વાલીનો સંહાર કરનારા, લક્ષ્મણના હિતકારક વચનોનો અમલ કરનારા.




(૫) સુંદરકાંડ : સીતાના પ્રાણને ટકાવી રાખનારા, દુષ્ટ રાવણથી વ્યથા અનુભવતા, હનુમાન પાસેથી સમાચારો પામેલા, હનુમાન દ્વારા લવાયેલા ચૂડામણિનું દર્શન કરનારા, પ્રિય હનુમાનનાં વચનોથી આશ્વાસન પામેલા.

(૬) યુદ્ધકાંડ - રાવણ વધ માટે પ્રસ્થાન કરનારા, વિભિષણને અભય આપનારા, કુંભકર્ણનો શિરચ્છેદ કરનારા, રાક્ષસ સેનાને હરાવનારા, રાવણના દશ મુખને છેદનારા, વિભિષણનો અભિષેક કરનારા, પુષ્પક વિમાનમાં આરોપણ કરતા, ભરતના નુંપ્રાણપ્રિય કરનારા રત્નસિંહાસનને બિરાજતા.

(૭) ઉત્તરકાંડ - નીતિથી પ્રદેશની રક્ષા કરનારા, સીતાના આલિંગનથી નિવૃત્ત થયેલા, લવણાસુરનો વધ કરનારા, પોતાના પુત્રો કુશ અને લવથી આનંદ અનુભવતા અશ્વમેઘ યજ્ઞ આચરનારા, ધર્મની સ્થાપના માટે તત્પર રહેતા, અયોધ્યાના લોકોને મુક્તિ આપનારા, વૈકુંઠધામમાં નિત્ય આનંદ પદને પામેલા, સૌ કોઈના સંસારમાં ભયને દૂર કરનારા.

રામ રામ જય સીતા રામ...

# ભારતની જમીની સરહદ કેટલા દેશો સાથે જોડાયેલ છે ?

## ભારતની ભૂગોળ

(૧) બદ્રીનાથ કઈ નદી કિનારે આવેલું છે?
(અ) ભગીરથી (બ) ગંગા
(ક) અલકનંદા (ડ) બ્રહ્મપુત્રા

(૨) ભારતની જમીની સરહદ કેટલા દેશો સાથે જોડાયેલ છે ?
(અ) ચાર (બ) પાંચ
(ક) છ (ડ) સાત

(૩) એમ.એમ.ટી. ટ્રેકટર ઉદ્યોગનું સ્થળ પિંજોર કયા રાજયમાં આવેલું છે ?
(અ) હરિયાણા (બ) પંજાબ
(ક) રાજસ્થાન (ડ) ઉત્તરાંચલ

(૪) ભારતનું સૌથી મોટું સંગ્રહાલય ઈન્ડિયન મ્યુઝિયમ કયાં આવેલું છે?
(અ) દિલ્હી (બ) ચેન્નાઈ
(ક) હૈદરાબાદ (ડ) કોલકાત્તા

(૫) કયા રાજયમાં ગારો અને ખાસી ભાષા બોલાય છે ?
(અ) અરુણાચલ પ્રદેશ (બ) નાગાલેન્ડ
(ક) મેઘાલય (ડ) આસામ




(૬) મીઠા પાણીનું લોકતાક સરોવર કયા રાજયમાં આવેલું છે ?
(અ) મણિપુર (બ) આસામ
(ક) રાજસ્થાન (ડ) કાશ્મીર

(૭) ભારતમાં ગોબર ગેસનું સૌથી વધુ ઉત્પાદન કયા રાજયમાં થાય છે ?
(અ) રાજસ્થાન (બ) ગુજરાત
(ક) હરિયાણા (ડ) પંજાબ

(૮) ચિલંકા સરોવર કયાં રાજયમાં આવેલ છે ?
(અ) આંધ્રપ્રદેશ (બ) ઉડીશા
(ક) તમિલનાડુ (ડ) કેરાલા

(૯) હઝારીબાગ રાષ્ટ્રીય ઉદ્યાન કયા રાજયમાં આવેલ છે ?
(અ) ઝારખંડ (બ) ૧૧ બિહાર
(ક) ઉત્તરાંચલ (ડ) આંધ્રપ્રદેશ

(૧૦) કોયના સિંચાઈ પરિયોજના કયા રાજયમાં આવેલી છે ?
(અ) મધ્યપ્રદેશ (બ) કર્ણાટક
(ક) મહારાષ્ટ્ર (ડ) આંધ્રપ્રદેશ

(૧૧) નીચેનામાંથી કઈ નદી અરબ સાગરને મળતી નથી ?
(અ) દમણગંગા (બ) તાપી
(ક) નર્મદા (ડ) ચંબલ

(૧૨) રાનીખેત પર્વતીય નગર કયા રાજયમાં આવેલ છે ?
(અ) જમ્મુ કાશ્મીર (બ) ઉત્તરાખંડ
(ક) બિહાર (ડ) અરુણાચલ

(૧૩) એશિયાનું સૌથી મોટું આમલી બજાર જદગલપુર કયા રાજયમાં આવેલ છે ?
(અ) છત્તીસગઢ (બ) રાજસ્થાન
(ક) બિહાર (ડ) કોલાકાત્તા

(૧૪) ભારતનું સૌથી ઉત્તરમાં આવેલ બિંદુ કયા નામે ઓળખાય છે ?
(અ) ભારત કાલ (બ) ઈન્દ્રિરા કાલ
(ક) રાજીવ કાલ (ડ) નહેરુકાલ

(૧૫) કયુ રાજય દક્ષિણનું કાશ્મીર કહેવાય છે?
(અ) આંધ્રપ્રદેશ (બ) તમિલનાડુ
(ક) કર્ણાટક (ડ) કેરલ

## વિવિધા

**વિષય : ભારતના રાષ્ટ્રપતિ**

| | | |
|---|---|---|
| રાજેન્દ્ર પ્રસાદ | : | ૧૯૫૦થી ૧૯૬૨ |
| સર્વપલ્લી રાધાકૃષ્ણન | : | ૧૯૬૨ - ૧૯૬૭ |
| ઝકીર હુસેન | : | ૧૯૬૭ - ૧૯૬૯ |
| વી.વી. ગીરી | : | ૧૯૬૯ - ૧૯૭૪ |
| ફકરૂદ્દીન અલી અહેમદ | : | ૧૯૭૪ - ૧૯૮૭ |
| નિલમ સંજીવ રેડ્ડી | : | ૧૯૭૭ - ૧૯૮૨ |
| જ્ઞાની ઝૈલસીંગ | : | ૧૯૮૨ - ૧૯૮૫ |
| આર. વેકન્ટ રામન્ | : | ૧૯૮૭ - ૧૯૯૨ |
| શંકરદયાલ શર્મા | : | ૧૯૯૨ - ૨૦૦૨ |
| કે. આર. નારાયણન | : | ૨૦૦૨ - ૨૦૦૭ |
| એ.પી.જે. અબ્દુલ કલામ | : | ૨૦૦૭ - ૨૦૧૨ |
| પ્રતિભા પાટીલ | : | ૨૦૧૨ - ૨૦૧૭ |
| પ્રણવ મુખરજી | : | ૧૯૬૨ - ૧૯૬૭ |

- ચૌદમા રાષ્ટ્રપતિ જુલાઈમાં નિયુક્તિ થશે.

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**સવાલ : અરુણાચલપ્રદેશના મુખ્યમંત્રી કોણ છે ?**

**જવાબ : પ્રેમા ખાંડુ**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨
(૨) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭બી
(૩) જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬બી, ૬૨૦/૧
(૪) નટુભાઈ દરજી : પેથાપુર
(૫) ધાર્મિક એસ. પટેલ : ગાયત્રી રેસીડેન્સી
(૬) મહેશ એમ. જાદવ : શ્રીરંગ એન્ટાયર, રાસયસણ

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**સંજય રાઉત કયા પક્ષના સંસદ સભ્ય છે ?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ,**

**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

### સાચા જવાબો

(૧) ક (૨) ડ (૩) અ (૪) ડ (૫) ક (૬) અ (૭) બ (૮) બ (૯) અ
(૧૦) ક (૧૧) બ (૧૨) અ (૧૩) અ (૧૪) બ (૧૫) ડ

# ઝીકા વાયરસ (ZIKA VIRUS) શું છે?

*(ભાગ-૨) (ગતાંકથી આગળ...)*

ગયા અંકમાં આપણે ચર્ચા કરતા હતા કે ભારત અને ગુજરાતમાં ઝીકા વાયરસની તપાસ માટે કોઈ પ્રકારના કેમીકલ્સ અથવા કીટ હાજર નથી. તો પછી આ અમદાવાદમાં ઝીકા વાયરસ કઈ રીતે દેખાયો ? તો એના માટે સરકારે કોઈ નવી કીટ હાજર કરાવી છે કે પછી કશું ન ખબર પડે તો ઝીકા વાયરસ છે એમ માની લીધું છે. જો ભાઈ, પહેલા કોઈ બહેન અથવા ભાઈને. ખાસ કરીને આપણે ઝીકા વાયરસ માટે બહેનની વાત કરીએ.




દા.ત. તરીકે આપણે નામ પણ મૂકીએ... કે રમીલાબેનને અચાનક તાવ આવ્યો. પહેલા બે - ત્રણ દિવસ એમ માન્યુ કે હશે કોઈ સામાન્ય તાવ. એમ કરીને દવાની દુકાનેથી તાવની સાદી મળતી દવા પેરાસિટામોલ ખાઈને ચલાવ્યું. પણ તાવ જતો જ નહોતો... પછી થયું કે ચાલો ડૉક્ટરનો અભિપ્રાય લઈએ... સેકટરના એક ખૂણામાં એક ડૉક્ટર હતા જેમને રમીલાબહેને બતાવ્યું. ડૉક્ટરે કહ્યું રમીલાબહેન આ તો મેલેરીયા છે. વાયરલ... બાયરલ કઈ નથી... હું તમને મેલેરીયાના ઈન્જેકશન આપી દઉં છું, અને બે - ત્રણ દિવસમાં બધુ બરાબર થઈ જશે. પણ ભાઈ રમીલાબહેનની કરમની કઠણાઈ કે તાવ સેક્ટરવાળા ડૉક્ટરથી ન ઉતર્યો. પછી રમીલાબહેનના સસરાએ તેમને કહ્યું કે રમીલાના હિસાબે ઘરની દશા ખૂબ બગડી ગઈ છે. અઠવાડીયાથી ઘરમાં કામ થતું નથી... રસોઈ બનતી નથી... બહારથી ટિફીન લાવીને ઘર ચલાવવું પડે છે. હવે, બહુ થયું... ગાંધીનગરમાં કોઈ સારા ડૉક્ટર નથી ? રમીલાબહેનના સસરાએ થોડા ફોન કર્યા.. થોડી કરસત કરી... અને ગાંધીનગરમાં સારા ફીઝીશિયન કોણ છે એની તપાસ આદરી. અને અંતે ગાંધીનગરમાં ઘણા સારા ફીઝીશિયન છે એવા નિર્ણય આવ્યા... અને પછી રમીલાબહેનને એક જાણીતા ફિઝીશિયનને બતાવ્યું. ડૉક્ટરે પદ્ધતિસર એમને તપાસ્યા. અને પછી ડૉક્ટરે કહ્યું કે તાવના ઘણા દિવસથી આવે છે એટલે લેબોરેટરીના રીપોર્ટ પછી જ હું કઈ કહીશ શકીશ. રમીલાબહેનના સસરાએ કહ્યું કે, સાહેબ કોઈ સારી લેબોરેટરીમાં અમને મોકલજો, થોડા પૈસા વધારે થશે તો ચાલશે... બે વધારે ટેસ્ટ થાય તો પણ ચાલશે. પણ અત્યારે બિલાડીના ટોપની જેમ લેબોરેટરીઓ ખુલતી જાય છે. લેબોરેટરીઓવાળા પાસે પૂરા સાધનો નથી હોતા અને સારી કંપનીના કેમિકલ અથવા તો કીટ પણ વાપરતા નથી. અને ડૉક્ટરો સાથે સાંઠ-ગાંઠ કરી પોતાનો રોટલો શેકતા હોય છે. માટે મહેરબાની કરી કોઈ સારી લેબોરેટરીમાં જ મોકલજો. ડૉક્ટરે કહ્યું ચિંતા ન કરો... હું તમને સારી લેબોરેટરીમાં જ મોકલીશ. રમીલાબહેન લેબોરેટરીમાં ગયા. ત્યાં લોહી અને પેશાબનો નમૂનો આપ્યો. લેબોરેટરીવાળાએ કહ્યું કે સાંજે તમારો રીપોર્ટ તૈયાર હશે. રમીલાબહેનના સસરાએ લેબોરેટરીવાળાને કહ્યું કે ભાઈ ઘણા દિવસથી તાવ આવે છે એટલે જરા વ્યવસ્થિત રીતે લોહીની તપાસ કરજો. અમે તો બહુ હેરાન થઈ ગયા છે.. દિવસથી અમારા ઘરમાં જમવાનું બન્યું નથી. દસ દિવસથી અમે લોકો હોટલમાંથી લાવીને ખાઈએ છીએ. એ બધુ તો ઠીક પણ રમીલા જે હેરાન થાય છે એ અમારાથી જોવાતું નથી. માટે મહેરબાની કરીને જે સત્ય હોય તેવો જ રીપોર્ટ અમને આપજો. લેબોરેટરીવાળાએ રમીલાબહેનના સસરાને હૈયાધારણા આપી કે જે સત્ય હશે એ જ અમે રીપોર્ટમાં આપશું. સાંજે રીપોર્ટ આવ્યો. જેમાં પ્લેટલેટ કાઉન્ટ એટલે કે ત્રાકકણો ઓછા આવ્યા. ડૉક્ટરે કહ્યું આ પ્લેટલેટ ખૂબ જ ઓછા છે એટલે ઓછા પ્લેટલેટ મેલેરીયામાં હોય.. ડેન્ગ્યુમાં હોય.. ચિકનગુનિયામાં હોય.. પણ રમીલાબહેનની તપાસમાં મેલેરીયાના લક્ષણ હોય તેમ લાગતું નથી. હવે, કદાચ ડેન્ગ્યુ અથવા તો ચિકનગુનિયા હોઈ શકે. માટે એના ટેસ્ટ આપણે કરાવવા જોઈએ. રમીલાબહેનના સસરા ખૂબ અકળાયા. સાહેબ, આ વારે વારે શું કરવા હેરાન કરો છો ? તમને સારા ડૉક્ટર માનીને અમે બતાવવા આવ્યા છીએ. વારે વારે અમારે રમીલા વહુનું લોહી ઓછું નથી કરવું. હજુ પણ જે કરાવવું હોય તે બરાબર કરાવી લો. ડૉક્ટરે કહ્યું એવું નથી 'દાદા'. પણ વધારે પડતો ખોટો ખર્ચ કરાવી દર્દીને અમે હેરાન કરવા નથી માંગતા. માટે જરૂર હોય એટલા જ અમે ટેસ્ટ કરાવીએ છીએ. લેબોરેટરીમાં તમારા લોહીનો નમૂનો હજુ પડ્યો જ હશે. જો તમે પરવાનગી આપો તો લેબોરેટરીમાં ફોન કરીને ટેસ્ટ એડ થઈ શકશે. લેબોરેટરીમાંથી રીપોર્ટ આવ્યો કે ડેન્ગ્યુનો ટેસ્ટ નેગેટીવ છે, ચિકનગુનિયાનો ટેસ્ટ નેગેટીવ છે. ડૉક્ટરને બતાવતા... ડૉક્ટર બોલ્યા ઘણી વખત વાયરલ ઈન્ફેકશનમાં પણ આ જાતનું ચિત્ર આવી શકે છે. માટે આપણે આ તાવને અત્યારે વાયરલ ફીવર છે તેમ માનીને દવા આગળ ચલાવીએ છીએ. રમીલાબહેનના સસરા જરા અકળાયા. સાહેબ, તમે પણ અમારા ઉપર પ્રયોગ જ કરો છો, તમને પણ હજુ સાચી સમજણ પડી નથી કે રમીલા વહુને શું થયું છે ? પછી




અનુસંધાન પાના નં. ૭ પર